PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫/કવા–૦૨/૧૮–૧૯/ 4291-4 તા. 01 SEP 2018

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
શીવ હાઈડ્રોમેટ,
ઉમાકાંત પંડિત – શેરી નં.–૧,
ઉદ્યોગ નગર
મવડીપ્લોટ – રાજકોટ
પીન–૩૬૦૦૦૪
મો: ૯૮૭૯૭૯૭૧ ૩૩ / ૪૪

વિષય :–જુન–૧૮ ના વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, લોધીકા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫/કવા–૦૨/૧૮–૧૯   કમિટી મીટીગ: તા. ૨૧–૦૮–૧૮   સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: શીવ હાઈડ્રોમેટ, ગામ: માખાવડ

રજુઆત કરનાર: અરજદાર શીવ હાઈડ્રોમેટ ના પાર્ટનર મનીશભાઈ વિરમગામા હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, લોધીકા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : જુન–૧૮ ના વીજબીલ બાબત

**મુદદા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

૧ અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.

૧.૧ અરજદાર જણાવે છે કે, તેઓનુ વીજજોડાણ ગ્રાહક નં.–૩૩૪૨૬/૦૧૧૩૨/૮ થી એલ.ટી.એમ.ડી ૧૦૦ કીવો નુ વીજજોડાણ ધરાવે છે. તેઓની ફેકટરી તા.૩૦–૦૪–૧૮ થી બંધ છે. તેમજ માહે મે–૧૮ અને જુન– ૧૮ ના ગુજરાત ગેસ ના બીલ ની રકમ '' ૦'' છે. તેમ છતા, માહે માર્ચ–૧૮ અને એપ્રીલ– ૧૮ ના બીલ વીજવપરાશ મુજબ ના ભરપાઈ કરેલ છે, ત્યારબાદ ફેકટરી બંધ હોય – તેમજ મીટર રીડર દ્રારા જાણકારી અપાયેલ કે મીટર નુ ડિસ્પલે બંધ છે, જેથી સરેરાશ મુજબ વીજબીલ આપેલ છે. જે તેઓને માન્ય ન હોય – આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૧.૨ અરજદાર દ્રારા ફોરમ કમિટી મીટીગ: તા. ૨૫–૦૭–૧૮ મા જણાવ્યા મુજબ – માહે મે–૧૮ અને જુન– ૧૮ ના ગુજરાત ગેસ ના બીલ ની રકમ '' ૦'' છે. જે અનુસંધાને લેખીત માં પીજીવીસીએલ અને ગુજરાત ગેસ કંપની ના બીલ મુજબ – થયેલ વીજવપરાશી યુનીટ ની ગણતરી નીચે મુજબ રજુ કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| SHIV HYDROMET | | | | | |
|---|---|---|---|---|---|
| PGVCL BILL Details | | | GUJARAT GAS BILL Details | | |
| Bill Date | Unit | Bill Amount | Bill Date | Unit | Bill Amount |
| 25-05-2017 | 16,399.00 | 116,839.50 | 16-05-2017 | 7,945.00 | 307,341.00 |
| | | | 31-05-2017 | 12,261.00 | 457,577.00 |
| 21-06-2017 | 11,336.00 | 86,895.00 | 16-06-2017 | - | - |
| | | | 30-06-2017 | 14,315.00 | 534,863.00 |
| 20-07-2017 | 13,648.00 | 99,082.50 | 16-07-2017 | 6,574.00 | 255,248.00 |
| | | | 31-07-2017 | - | - |
| 20-08-2017 | 8,026.00 | 62,382.06 | 16-08-2017 | 1,209.00 | 46,757.00 |
| | | | 31-08-2017 | 12,653.00 | 464,939.00 |
| 20-09-2017 | 17,341.00 | 121,218.71 | 16-09-2017 | 7,463.00 | 278,369.00 |
| | | | 30-09-2017 | - | - |
| 16-10-2017 | 13,667.00 | 23,541.57 | 16-10-2017 | 7,154.00 | 254,508.00 |
| | | | 31-10-2017 | 2,365.00 | 85,535.00 |
| 17-11-2017 | 10,825.00 | 80,016.55 | 16-11-2017 | 3.796.00 | 136.637.00 |
| | | | 30-11-2017 | 3,329.00 | 122,115.00 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | 16-12-2017 | 6,439.00 | 231,823.00 |
| 22-12-2017 | 16,078.00 | 113,379.28 | 31-12-2017 | 9,365.00 | 347,966.00 |
| | | | 16-01-2018 | 642.00 | 24,847.00 |
| 15-01-2018 | 9,564.00 | 72,011.64 | 31-01-2018 | - | - |
| | | | 16-02-2018 | - | |
| 12-02-2018 | 21,221.00 | 144,348.96 | 28-02-2018 | - | - |
| | | | 16-03-2018 | - | - |
| 10-03-2018 | 26,893.00 | 188,334.09 | 31-03-2018 | 8,703.00 | 326,939.00 |
| | | | 16-04-2018 | 5,530.00 | 210,190.00 |
| 19-04-2018 | 20,275.00 | 138,097.85 | 30-04-2018 | 2,088.00 | 79,166.00 |
| | | | 16-05-2018 | - | - |
| 11-05-2018 | 5,062.00 | 24,808.93 | 31-05-2018 | - | - |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી શિવ હાઇડ્રોમેટ- માખાવડ ગ્રાહક નંબર ૩૩૪૨૬/૦૧૧૩૨/૮ મા જુન-૧૮ નું બિલ સદર ગ્રાહકને ત્યા તા.૧૭.૬.૧૮ ના રોજ બિલ બનાવવા માટે મીટર રીડર ગયેલ ત્યારે મીટરનો ડિસ્પ્લે ઓફ હોવાથી એવરેજ યુનિટ ૧૭૪૧૦ નું બિલ આપવામાં આવેલ અને તા.૧૯.૬.૧૮ ના રોજ અરજદારનું મીટર બદલવામાં આવેલ જે મીટર અરજદારના પ્રતિનીધીની હાજરીમાં તા.૨૨.૬.૧૮ ના રોજ લેબમાં ચકાસણી કરતા મીટરના ડિસ્પ્લે રીડીંગ મળેલ ન હોવાથી તેમજ મીટરનો MRI નીકળી શકે તેમ ન હોય સપ્લાય કોડની કલોઝ ૬.૫૮ મુજબ અરજદારને જુન-૧૮ ના માસનું એવરેજ બિલ આપવામાં આવેલ જે બિલ નિયમાધીન હોય અરજદારે ભરવાપાત્ર છે. |
| **૨.૨** | ફોરમ કમિટી ની મીટીંગ: તા. ૨૫–૦૭–૧૮ મા જણાવ્યા મુજબ – સવાલવાળા મીટર ની વધુ ખરાઈ અર્થે તેમજ એમ.આર.આઈ. અહેવાલ મેળવવા માટે – મીટર બનાવટ કંપની મા મોકલવુ – જે અનુસંધાને – મીટર કંપની ના રીપોર્ટ તા.૨૧–૦૮–૧૮ મુજબ – સદર સવાલવાળુ મીટર – જેના મીટર ક્રમાંક: પીજી ૧૪૮૭૦૬ ચકાસણી મુજબ – મીટર મેમરી યુનીટ બળી ગયેલ હોય – એમ.આર.આઈ. અહેવાલ મળી શકે તેમ નથી, મીટર બળવાનુ કારણ '' Meter may burnt due to high voltages / surges '' . |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી શિવ હાઇડ્રોમેટ- માખાવડ ગ્રાહક નંબર ૩૩૪૨૬/૦૧૧૩૨/૮ એલ.ટી.એમ.ડી ૧૦૦ કીવો નુ વીજજોડાણ ધરાવે છે. તા.૧૭.૬.૧૮ ના રોજ વીજમીટરનો ડિસ્પ્લે બંધ હોવાથી જુન-૧૮ નું વીજબિલ એવરેજ યુનિટ ૧૭૪૧૦ નું આપવામાં આવેલ. ત્યારબાદ તા.૧૯.૬.૧૮ ના રોજ અરજદારનું સદર મીટર બદલવામાં આવેલ જે મીટર અરજદારના પ્રતિનીધીની હાજરીમાં તા.૨૨.૬.૧૮ ના રોજ લેબમાં ચકાસણી કરતા મીટરના ડિસ્પ્લે રીડીંગ મળેલ ન હોવાથી તેમજ મીટરનો MRI મળી શકે તેમ ન હોય –જેથી વધુ ખરાઈ અર્થે એમ.આર.આઈ. અહેવાલ મેળવવા માટે – મીટર બનાવટ કંપની મા મોકલાવેલ – જે અનુસંધાને – મીટર કંપની ના રીપોર્ટ તા.૨૧–૦૮–૧૮ મુજબ – સદર સવાલવાળુ મીટર – જેના મીટર ક્રમાંક: પીજી ૧૪૮૭૦૬ ચકાસણી |

મુજબ – મીટર મેમરી યુનીટ બળી ગયેલ હોય – એમ.આર.આઈ. અહેવાલ મળી શકે તેમ નથી, મીટર બળવાનુ કારણ " Meter may burnt due to high voltages / surges " જણાવેલ.

**૩.૨** સદર ગ્રાહક નુ પી.આર.ટી.–૧૪૫ મુજબ – વીજવપરાશી યુનીટ ની વિગત નીચે મુજબ છે.

SHIV HYDROMATE

| Billing Month/ Year | 2017 | | | 2018 | | |
|---|---|---|---|---|---|---|
| | Current Reading | Status | unit | Current Reading | Status | unit |
| JAN | 154943 | | 1114 | 307846 | | 9564 |
| FEB | 158801 | | 3858 | 329068 | | 21222 |
| MAR | 181694 | | 22893 | 355961 | | 26893 |
| APR | 190862 | | 9168 | 376236 | | 20275 |
| MAY | 207261 | | 16399 | 381298 | | 5062 |
| JUN | 218597 | | 11336 | 381298 | F | 17410 |
| JUL | 232245 | | 13648 | | | |
| AUG | 240271 | | 8026 | | | |
| SEP | 257612 | | 17341 | | | |
| OCT | 271379 | | 13767 | | | |
| NOV | 282204 | | 10825 | | | |
| DEC | 298282 | | 16078 | | | |

અરજદાર ની મુદ્દા નં. ૧.૨ મુજબ ની વિગતે, ગ્રાહક દ્વારા રજુ કરાયેલ પીજીવીસીએલ ના વીજબીલો તેમજ ગુજરાત ગેસ કંપની ના બીલો ની માસ વાઈઝ સરખામણી ની શીટ ના અનુસંધાને – ગ્રાહક શ્રી જણાવે છે કે તેઓના ઓદ્યોગીક વીજજોડાણ મા – માહે માર્ચ–૧૮ અને એપ્રીલ– ૧૮ ના બીલ ના દિવસો દરમ્યાન વીજવપરાશ થયેલ જ નથી, કારણકે તેઓની ફેકટરી બંધ હતી પરંતુ, તેઓ દ્વારા રજુ કરાયેલ સરખામણી ની શીટ નો અભ્યાસ કરતા એવુ સ્પષ્ટ થતુ નથી કે માહે માર્ચ–૧૮ અને એપ્રીલ– ૧૮ ના બીલ ના દિવસો દરમ્યાન વીજવપરાશ થયેલ જ નથી, ગુજરાત ગેસ કંપની ના બીલો ના યુનીટ પીજીવીસીએલ ના જે તે સમયગાળા ના યુનીટ સાથે સચોટ પણે સમચલન મા પણ નથી. આમ, અરજદાર ને અપાયેલ વીજબીલ – સપ્લાય કોડની કલોઝ ૬.૫૮ મુજબ અરજદારને જુન–૧૮ ના માસનું એવરેજ બિલ આપવામાં આવેલ જે બિલ નિયમાધીન હોય અરજદારે ભરવાપાત્ર છે. તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદ્દા નં.–૪ :**

## હુકમ

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.